## ડોક્યુમેન્ટ્સ બાબતે જરૂરી અતિ આવશ્યક સુચનાઓ

૧ જો ઉમેદવાર ખેડુત પુત્ર/પુત્રી/પૌત્ર/પૌત્રી હોય તો ખેતી લાયક જમીનના ૭/૧૨ અને ૮/અ ના ઉતારાની નકલ તા. ૦૧/૦૪/૨૦૨૪ કે તે પછીની તારીખના રજુ કરવાના રહેશે. જો જમીનધારક અને ઉમેદવાર વચ્ચે સબંધ પ્રસ્થાપિત થતો ન હોય તો પેઢીનામું અથવા તે બંન્ને વચ્ચે સબંધ દર્શાવતું તલાટી-કમ-મંત્રી/મામલતદાર દ્વારા જારી કરેલ પેઢીનામું/દાખલો રજુ કરવાનો રહેશે. તેમજ ધોરણ-૧૨ ની માર્કશીટમાં દર્શાવેલ અટક/નામ અને ૭-૧૨, ૮-અ માં દર્શાવેલ અટક/નામ માં ફેરફાર હોય તો તે અંગેનુ એફિડેવિટ (સોગંદનામુ) રજુ કરવાનું રહેશે.

૨ SEBC કેટેગરીના ઉમેદવારોએ નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ તારીખ ૦૧.૦૪.૨૦૨૨ કે તે પછીની તારીખનું રજૂ કરવાનું રહેશે

૩ EWS કેટેગરીના ઉમેદવારોએ EWS સર્ટીફીકેટ તારીખ ૦૧.૦૪.૨૦૨૨ કે તે પછીની તારીખનું રજૂ કરવાનું રહેશે

૪ દિવ્યાંગજન ઉમેદવારોએ દિવ્યાંગતા અંગેનું સરકારી હોસ્પિટલના સક્ષમ અધિકારી/સિવિલ સર્જન અથવા સુપ્રિન્ટેન્ડેન્ટનું પ્રમાણપત્ર પણ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે અપલોડ કરવાનું રહેશે.

૫ જો ઉમેદવારોએ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તથા રાજ્ય કક્ષાની રમત-ગમતમાં ભાગ લીધેલો હોય તો જ તેના આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તથા રાજ્ય કક્ષાના સક્ષમ સ્પોર્ટ્સ ઓથોરીટી દ્વારા ઇસ્યુ થયેલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.